ક્રિ.કેસ.નં.૧૦૦૩૪૭/૨૦૧૧

**<u>ફરીયાદીની આંક–૦૭ની પુરસીસ લગત હુકમ</u>:–**

ફરીયાદીની પુરસીસ વંચાણે લીધી તથા આ કેસના રેકર્ડનો અભ્યાસ કર્યો. આ કામમાં આરોપી વિરૂધ્ધ ઈ.પી.કો.કલમ–૩૭૯, ૧૪૪ના ગુનાનું પોલીસ તપાસનું ચાર્જશીટ થયેલ છે. આરોપી હાજર નથી, પરંતુ ફરીયાદી હાજર છે અને તેઓ આ કેસ માંડવાળ કરવા માંગે છે અને આગળ ચલાવવા માંગતા નથી. આથી ક્રિ.પ્રો.કોડ કલમ ૩૨૦ ની જોગવાઈને તથા નામદાર ગુજરાત હાઈકોર્ટના તા.૦૫/૦૭/૨૦૧૬ ના સરક્યુલર નં.સી.૨૬૧૯/૨૦૧૬ ને ધ્યાનમાં લેતાં ફરીયાદીની માંડવાળ કરવાની પુરસીસ ગ્રાહય રાખીને નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

<u>હુ ક મ.</u>

આથી આરોપીને ક્રિ.પ્રો.કોડ કલમ ૩૨૦(૧)(૮) અન્વયે ઈ.પી.કો.કલમ–૩૭૯, ૧૪૪ના ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવે છે.
મુદ્દામાલ અંગે નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

૧. આ કામનો મુદ્દામાલ અગાઉ કોર્ટના હુકમથી વચગાળાના સમય માટે ફરીયાદીને પરત સોંપવામાં આવેલ છે તે હુકમ કાયમ રાખવામાં આવે છે. હુકમની શરતો રદ ગણવી.
૨. આ કામમાં પોલીસે કબજે કરેલ મુદ્દામાલ ફરીયાદીને પરત આપવા હુકમ કરવામાં આવે છે.
૩. આ કામમાં પોલીસે કબજે કરેલ મુદ્દામાલ જો અગાઉ અદાલતના હુકમથી કોઈ વ્યકિતને પરત કરવામાં આવેલ હોય તો તે હુકમ કાયમ રાખવામાં આવે છે અને મુદ્દામાલ પરત કરવા અંગે અગાઉ કોઈ હુકમ કરવામાં આવેલ ન હોય તો મુદ્દામાલ વાહન તેની આર.સી.બુકની નલક રજુ કર્યેથી ઓળખની ખાતરી કરીને તેના રજીસ્ટર ઓનરને પરત આપવા હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

૧૧/૧૨/૨૧

અમદાવાદ.

(બરકતખાન એચ.ઘાસુરા)
ઈ/ચા.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
અમદાવાદ.
જજ કોડ જી.જે.૦૦૯૮૩

તા.૧૧/૧૨/૨૦૨૧